જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી,
જિલ્લા સેવા સદન-૨, પ્રથમ માળ,
જોરાવર પેલેસ સંકુલ, પાલનપુર ફોન/ફેક્સ નં. ૦૨૭૪૨/૨૫૩૭૬૫
E-MAIL:ddcw-sjed-ban@gujarat.gov.in

ઘણો જરૂરી

નં:સકઅ/ઓનલાઈન/પ્રિ.મે.શિ./૨૦૧૮-૧૯/૯૩૦૦
તા.૨૦/૦૮/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
~~પ્રાથમિક~~ ગ્રામ્ય શાળા,.....................
તા. ..................... જિ.બનાસકાંઠા.

વિષય:- ડિજીટલ ગુજરાત પોર્ટલ પર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિની ઓનલાઈન એન્ટ્રી કરી પ્રપોઝલ ક્રિએટ કરવા બાબત.

શ્રીમાન,

વર્ષ ૨૦૧૮-૧૯માં ધો.૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ડીજીટલ ગુજરાત પોર્ટલ પર નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈને ઓનલાઈન એન્ટ્રી કરવા તથા પ્રપોઝલ ક્રિએટ કરવા વિનંતી છે.

1) જે વિદ્યાર્થીઓના પોસ્ટ ખાતા છે તેવા વિદ્યાર્થીઓના કે વાલીઓના બેંકખાતા હોય તો edit menuમાં જઈને પોસ્ટખાતાને બદલે વિદ્યાર્થી કે વાલીનો બેંકખાતા નંબર edit કરવો.
2) ધો.૧ થી ૮માં આધારનંબર ફરજીયાત નથી જેથી આધાર વેરીફીકેશન કર્યા સિવાય એન્ટ્રી કરવી તથા પ્રપોઝલ ક્રીએટ કરવી.
3) વર્ષ ૨૦૧૮-૧૯ માટે શાળા કક્ષાએ કરવાની થતી ઓનલાઈન શિષ્યવૃત્તિની કામગીરીમાં પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે સ્કૂલ લોગીનમાં User Manual (Pre Metric OBC), Request for New Bank Branch જેવા Option મુકવામાં આવેલ છે તેમજ કામગીરી માટેની ગાઈડલાઈનની Pdf ઓનલાઈન મુકેલ છે જેનો અભ્યાસ કરીને કોઈપણ મુશ્કેલીનું નિરાકરણ થઈ શકે છે.
4) જે વિધાર્થીના એકાઉન્ટમાં સેન્ડ ફોર વેરીફિકેશન બતાવે તેવા વિધાર્થીઓની પ્રપોઝલ વેરીફિકેશન થયા બાદ ક્રીએટ થશે.
5) ધોરણ-૯ અને ૧૦ મા આધાર કાર્ડ ફરજિયાત હોવાથી આધાર વેરીફિકેશનમાં YES લખેલુ આવે ત્યારબાદ જ વિધાર્થીઓની એન્ટ્રી સેવ થશે.

Scanned by CamScanner

6) આધાર વેરીફિકેશન કરવા માટેની વેબસાઈટ:https://resident.uidai.gov.in પર જઈ જમણી બાજુ દર્શાવેલ Aadhaar Services મા Verify Aadhaar પર ક્લીક કરી આધાર નંબરની વિગતો વેરીફાઈ કરવી.

7) વિદ્યાર્થીની એન્ટ્રી કરતી વખત જો કોઈ વિદ્યાર્થીની બેંક શાખાનું નામ ડેશબોર્ડ પર બેંક લીસ્ટમાં દર્શાવતુ ના હોય તો સ્ટુડન્ટ એન્ટ્રીમાં KNOW YOUR IFSC CODE પર ક્લીક કરી ADD NEW BANK મા જઈ બેંકની વિગત ઉમેરવાથી બે-ત્રણ દિવસ બાદ બેંક શાખાનું નામ ઉમેરાશે ત્યારબાદ તેવા વિદ્યાર્થીઓની એન્ટ્રી કરવી.

8) જે વિદ્યાર્થીઓનું પોર્ટલ પર Complete Verification બતાવે તેવા વિદ્યાર્થીઓની Proposal Higher Authority ને તુરંત જ ફોરવર્ડ કરવી.

9) વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિના બેંકખાતા ખોલાવવામાં કોઈ મુશ્કેલી પડે કે સંબંધિત બેંક દ્વારા ખાતું ખોલવા માટે આનાકાની કરવામાં આવે તો લીડ બેંક મેનેજરશ્રી, પાલનપુરને ૦૨૭૪૨-૨૫૫૦૨૫ પર જાણ કરવી.

10) જે શાળાઓના વિદ્યાર્થીઓની ઓનલાઈન શિષ્યવૃતિની પ્રપોઝલ શાળા કક્ષાએ પડતર હોય કે નવી પ્રપોઝલ કરવાની બાકી હોય તેમણે મોડામાં મોડી તા: ૩૧/૦૮/૨૦૧૮ સુધીમાં ઓનલાઈન શિષ્યવૃતિની પ્રપોઝલ બિનચૂક હાયર ઓથોરીટીને મોકલી આપવી.

જિલ્લા સમાજકલ્યાણ અધિકારી
(વિ.જા.) બનાસકાંઠા, પાલનપુર.

ક્રમાંક /મા.વિ.જ/
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૧ - ૮ -૨૦૧૮

૦૨/- નકલ રવાના માહિતી તથા અમલ સારૂ.

જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી / બિનસરકારી / નોનગ્રાન્ટેડ
શાળાઓ તમામ,
બનાસકાંઠા